**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૮૯ ટકા

# જીપીએસસીના ફાઈનલ ઈન્ટરવ્યુમાં 'મમતા'ના ૨૦ ઉમેદવારો ઉત્તીર્ણ

**કડી સર્વ વિદ્યાલય મંડળ સંચાલિત મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટરના ૪૦ ઉમેદવારો પૈકી ૨૦ મૌખિકમાં પાસ થયા : રાજયભરમાં ૨૧૯ જગ્યાઓ માટે જીપીએસસી દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯માં પરીક્ષાઓ લેવાઈ હતી : પ્રિલીમ આપનારા ૧.૯૪ લાખ ઉમેદવારો પૈકી ૯૧૨ ઉમેદવારો ઈન્ટરવ્યુ સુધી પહોંચ્યા હતા**



ગાંધીનગર, તા.૫

ગુજરાત જાહેર સેવા આયોગની વર્ગ-૧ અને વર્ગ-૨ની વર્ષ ૨૦૧૮-૧૯ની ૨૯૪ જગ્યાઓ માટેના પરિણામો તાજેતરમાં જાહેર કરાયા હતા. જેમાં ૯૧૨ ઉમેદવારોની ફાઈનલ ઈન્ટરવ્યુ માટે પસંદગી કરવામાં આવી છે. ગાંધીનગરના મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટરના કુલ ૪૦ ઉમેદવારોની ઈન્ટરવ્યુ માટે પસંદગી કરવામાં આવી હતી જેમાંથી ૨૦ ઉમેદવારો અંતિમ યાદીમાં પસંદગી પામ્યા છે. આ ઉમેદવારોમાં ૭ ઉમેદવારો વર્ગ-૧ માટે અને ૧૩ ઉમેદવારોની વર્ગ-૨ માટે પસંદગી કરવામાં આવી છે.

જીપીએસસીમાં જીએએસ એટલે કે ગુજરાત એડમિન સર્વિસમાં પસંદગી પામનારા ઉમેદવારોની રાજયની વહીવટી સેવાઓ જેવી કે કલેકટર, મામલતદાર, વિવિધ વિભાગ કે બોર્ડમાં કમિશનર જેવા હોદ્દાઓ માટે પસંદગી કરવામાં આવે છે. આ કેડરને રાજયમાં આઈએસ પછી મહત્વની કેડર ગણવામાં આવે છે.

રાજય સરકારના વહીવટમાં રસ ધરાવતા તથા સરકારમાં ઉચ્ચ હોદ્દા પર કાર્ય કરવા ઈચ્છતા ઉમેદવારો માટે જીપીએસસી પરીક્ષા અગત્યનું માધ્યમ છે. જેમાં ત્રણ તબક્કામાંથી ઉમેદવારોને પસાર થવું પડે છે. પહેલો તબક્કો પ્રિલિમ પરીક્ષા, બીજો મેઈન પરીક્ષા અને અંતિમ તબક્કો મૌખિક ઈન્ટરવ્યુનો હોય છે. વર્ષ ૨૦૧૮-૧૯માં ગુજરાતમાં કુલ ૨૯૪ જગ્યાઓ માટે જીપીએસસીની પરીક્ષાઓ લેવામાં આવી હતી. જેમાં વર્ગ-૧ની ૭૫ જગ્યાઓ અને વર્ગ-૨ની ૨૧૯ જગ્યાઓનો સમાવેશ થાય છે. આ ૨૯૪ જગ્યાઓ માટે રાજયભરમાંથી ૧.૯૪ લાખ ઉમેદવારોએ પ્રિલિમ પરીક્ષા આપી હતી. જે પૈકી ૫૦૦૯ ઉમેદવારો ઉત્તીર્ણ થયા હતા. મુખ્ય પરીક્ષામાં આ ૫૦૦૯ ઉમેદવારોમાંથી ૯૧૨ ઉમેદવારોનો ફાઈનલ ઈન્ટરવ્યુ માટે પસંદ કરવામાં આવ્યા હતા જેમાં મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટરના ૪૦ ઉમેદવારો પસંદગી પામ્યા હતા. ફાઈનલ ઈન્ટરવ્યુ આપનાર મમતાના ૪૦માંથી ૨૦ ઉમેદવારો અંતિમ યાદીમાં પસંદગી પામતા સમગ્ર કડી સર્વ વિદ્યાલય સંકુલમાં પ્રસન્નતાની લ્હેર પ્રસરી વળવા પામી છે. અંતિમ યાદીમાં પસંદગી પામેલા ૨૦માંથી ૭ ઉમેદવારો વર્ગ-૧ માટે અને ૧૩ ઉમેદવારો વર્ગ-૨ માટે પસંદગી પામ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં સેકટર-૨૩માં કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા કેમ્પસમાં મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટર ચલાવાય છે જેમાં યુપીએસસી, જીપીએસસી જેવી સરકારની જાહેર સેવાઓ ક્ષેત્રે નોકરી માટેની પરીક્ષાઓ પાસ કરવાની તાલીમ આપવામાં આવે છે અને દર વર્ષે મમતા ટ્રેનિંગ સેન્ટરના પરિણામોથી ઉમેદવારો માટે પસંદગીના તાલીમ કેન્દ્રો પૈકીનું એક બની રહેવા પામ્યું છે. જીપીએસસી વર્ષ ૨૦૧૮-૧૯માં અંતિમ યાદીમાં પસંદગી પામનાર તમામ ૨૦ ઉમેદવારોનો મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટરના સંચાલકો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## વર્ગ-૧માં ૭ અને વર્ગ-૨માં ૧૩ ઉમેદવારોની પસંદગી

**મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટરના અંતિમ યાદીમાં પસંદગી પામેલા ૨૦ ઉમેદવારો પૈકી જે વર્ગ-૧માં ૭ ઉમેદવારોની પસંદગી થવા પામી છે જેમાંથી ૪ ઉમેદવાર ગુજરાત કેડરની વહીવટી સેવા માટે અને ૩ ઉમેદવાર નાયબ કમિશનર સ્ટેટ ટેકસના પદ માટે પસંદ કરાયા છે. વર્ગ-૨ માટે જે ૧૩ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી છે તેમાં ૨ ઉમેદવારોની મામલતદાર માટે, ૧ ઉમેદવારની સેકશન ઓફિસર પદે, ૩ ઉમેદવારોને સ્ટેટ ટેકસ ઓફિસ માટે, ૧ ઉમેદવાર જિલ્લા નિરીક્ષક જમીન દફતર, ૨ ઉમેદવારને તાલુકા વિકાસ અધિકારી તરીકે, ૨ ઉમેદવાર લેબર ઓફિસર તથા ૨ ઉમેદવારને તેમની હાલની સર્વિસ માટે પસંદ કરવામાં આવ્યા છે.**

## પસંદગી પામેલા ઉમેદવારોના રેન્ક અને કેડર

| ઉમેદવાર | રેન્ક | કેડર |
|---|---|---|
| યોગરાજસિંહ જાડેજા | ૬ | જીએએસ |
| પરેશ પ્રજાપતિ | ૧૦ | જીએએસ |
| જિગ્નેશ પાંડે | ૨૩ | એસી-સ્ટેટ ટેકસ |
| સંજય કેશવાલા | ૩૨ | જીએએસ |
| હર્ષિલ મેહતા | ૬૩ | એસ.ઓ. |
| નિકુંજ ગજ્જર | ૬૪ | એસી-સ્ટેટ ટેકસ |
| પાર્થ તલસાણિયા | ૭૦ | જીએએસ |
| પ્રીતિ બ્રહ્મભટ્ટ | ૮૯ | એસી-સ્ટેટ ટેકસ |
| મિલિન્દ પટેલ | ૯૪ | એસટીઓ |
| અક્ષય જરએ | ૧૩૩ | - |
| જય પટેલ | ૧૪૪ | ડીઆઈ-લેન્ડ રેકોર્ડ |
| જૈમિની પટેલ | ૧૪૯ | ટીડીઓ |
| આનંદ મકવાણા | ૧૬૪ | એસટીઓ |
| મૌસમ જાસપુરિયા | ૧૬૯ | એમએએમ |
| મેઘાંશી પંચાલ | ૧૭૪ | એસટીઓ |
| નિસર્ગ શુકલા | ૧૮૦ | જીએલઓ |
| પ્રણવ આગજા | ૧૮૩ | જીએલઓ |
| ચંદ્રરાજ સોલંકી | ૨૦૩ | ટીડીઓ |
| ખુશ્બુ સુથાર | ૨૩૯ | - |
| પ્રિતી મોઢવાડિયા | ૨૪૧ | એમએએમ |

## રિધ્ધિ શુકલ જીપીએસસી કલાસ-૧ની પરીક્ષામાં ૨૧મા ક્રમે ઉત્તીર્ણ

ગાંધીનગર, તા.૫

તાજેતરમાં લેવાયેલ જીપીએસસી કલાસ-૧ અને



૨ની પરીક્ષા પ્રથમ પ્રયાસે પાસ કરી શહેરની કુમારી રિધ્ધી મનીષ શુકલએ ૨૧મો ક્રમ પ્રાપ્ત કર્યો છે.

ઉલ્લેખનીય છે કે તેણીએ ગત વર્ષે પીડીપીયુ કોલેજમાંથી બી.ઈ. ઈલેકટ્રીકલની ડીગ્રી મેળવેલ હતી. તેના પિતા મહેસાણા બીએસએનએલમાં આસીસ્ટન્ટ જનરલ મેનેજર તરીકે કાર્યરત છે અને માતા સચિવાલય મત્સ્ય ઉદ્યોગ ખાતામાં આસિસ્ટન્ટ ડાયરેકટર તરીકે કાર્યરત છે. દીકરીની સિધ્ધિ બદલ તેને માતા પિતા અને પરિવારજનો તરફથી શુભેચ્છા પાઠવવામાં આવે છે.

## સેકટર-૧૩ માં ઘરફોડ : ૫૯ હજારની ચોરી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના સકેટર-૧૩ ખાતે આવેલા સરકારી રહેણાંક આવાસમાં ચોરીની ઘટના બની છે. બંધ મકાનને તસ્કરોએ ટાર્ગેટ કરી ચોરી કરી પલાયન થઈ ગયા છે. ઘરના મુખ્ય દરવાજાનું તોળુ તોડીને અંદરથી રૂ.૫૯ હજારની મત્તા ચોરી કરી લઈ ગયા છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સેકટર-૧૩ બ્લોક નં. ૫૯-૪ જ ટાઈપ સરકારી રહેણાંકમાં વસવાટ કરતા અનિલગીરી ગોસ્વામી સેકટર-૯ ખાતે આર્મી યુનિટમાં એમ.ટી.શાખામાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. અનિલગીરી સવારે ૭ વાગે પત્ની તેમજ બે બાળકો સાથે પોતાના વતન મહેસાણા જિલ્લાના મેઉં ગામે ગયા હતા. ત્યાંથી તેઓ સીધા નોકરી જઈને બપોરે ઘરે પરત ફર્યા હતા. તેઓ આવ્યા ત્યારે જોયું તો ઘરના મુખ્ય દરવાજાનું લોક તુટેલી હાલતમાં હતું અને દરવાજો અડધો ખુલ્લો હતો. અનિલગીરીએ અંદર જઈને જોયું તો ઘરનો સામાન અસ્ત વ્યસત પડેલો હતો. તપાસ કરતા ઘરમાં રહેલા રૂ.૧૯ રોકડા તેમજ રૂ.૪૦ હજારની કિંમતના સોનાના બે તોલાના દોરા મળી કુલ રૂ.૫૯ હાજરની મત્તા ગુમ થઈ છે. બનાવ અંગે સકેટર-૭ પોલીસને જાણ કરવામાં આવતા પીએસઆઈ ડી.ડી.રાઠોડ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને એફએસએલની મદદથી તપાસ શરુ કરી છે. ત્યારે ચોર ઈસમોએ ધોળા દિવસે ચોરી માટે મકાનને ટાર્ગેટ કરતા વસાહતીઓમાં હાહાકાર મચી જવા પામ્યો છે. સેકટર-૧૩ માં મોટાભાગના સરકારી આવાસો ખાલીખમ છે. જે ઘરે ચોરી થઈ તે સ્થળે પણ ૬ મકાનના બ્લોકમાં માત્ર બે કે ત્રણ નાગરીકો વસવાટ કરે છે ત્યારે ચોરી થયેલા મકાનની સામેની બાજુએ આવેલુ મકાન પણ ખાલીખમ છે. ત્યારે ચોર ઈસમો બંધ મકાનને ટાર્ગેટ કરી પોતાની કળા કરીને પલાયન થઈ જાય છે.

## મેડીકલ કોલેજની બોયઝ કેન્ટીનમાં સ્વચ્છતા રાખવા તંત્રની તાકીદ

પાટનગરની મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓએ ઉભરાતી ગટરો, દુષિત પાણી અને અપુરતી વ્યવસ્થાને લઈ મેડીકલ કોલેજ તંત્રને જાણ કરી હતી. જેને પગલે સિવિલ તંત્રની ટીમના કર્મચારી-અધિકારીઓ કામે લાગી ગયા હતા અને સ્થળ પર જઈને તપાસ કરી હતી. જેમાં હોસ્ટેલ અને કેન્ટીનની આસપાસ ચો તરફ ગંદકી જોવા મળી હતી. તંત્રને સ્થળ તપાસમાં જોવા મળેલી ઉણપોનું તાત્કાલીક નિરાકરણ લાવવા માટે જે તે વ્યકિતઓનું ધ્યાન દોરવામાં આવ્યું છે.

ચોમાસાની સિઝનમાં સ્વાસ્થયની જાળવણીના પગલા ભર્યા છે. પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો ફાટી ન નીકળે તે માટે તકેદારી રાખવા માટે જણાવાયું છે. તો બીજી તરફ પીઆઈયુ ને પણ કોલેજ, હોસ્ટેલ, ડોકટર્સ કવાટર્સ, સહિતના સ્થળોએ ડ્રેનેજ અને પ્લમબીંગના પ્રશ્નોનું તાત્કાલીક નિરાકરણ લાવવા માટે તાકીદ કરાઈ છે. મેડીકલ કોલેજ અને સિવિલ તંત્રના અધિકારી-કર્મચારીઓની ટીમ દ્વારા તાજેતરમાં રાઉન્ડ લીધો હતો. જેમાં કેન્ટીન હોસ્ટેલની આસપાસના વિસ્તારમાં ગંદકી જોવા મળી હતી. જયારે કેન્ટીન પાછળ પાથરવામાં આવેલા પલંગ કામદારો બેસીને ગંદકી ફેલાવી રહ્યા છે. કેન્ટીનની અંદર રસોડામાં તબિબિ વિદ્યાર્થીઓના આરોગ્યને નુકશાન પહોંચે તે રીતે ગંદકી જોવા મળી હતી. ગટરો ચોકઅપ થતા ફેલાતી ગંદકીને તાત્કાલીક અસરથી દુર કરવા તંત્રને જાણ કરી છે.

## અમેરિકામાં યોજાનાર સ્કાઉટ ગાઈડની જામ્બોરી માટે ગાંધીનગરના યુવરાજસિંહની પસંદગી

**ભારતભરમાંથી ૨૯ સ્કાઉટ પસંદગી પામ્યાં છે જે પૈકી માત્ર ૨ સ્કાઉટ ગુજરાતના : જામ્બોરી વિશ્વના સ્કાઉટ્સનું વૈશ્વિક સંમેલન છે : યુવરાજસિંહ સે. ૩૦ની પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના આચાર્ય છે**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના સેક્ટર-૩૦ ખાતેના પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના આચાર્ય તથા ભારત સ્કાઉટ ગાઈડમાં ડિસ્ટ્રિક્ટ કમિશ્નરનો હોદ્દો ધરાવતા યુવરાજસિંહ વાઘેલાની અમેરિકા ખાતે યોજાનાર આગામી વર્લ્ડ સ્કાઉટ જામ્બોરી માટે પસંદગી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે તા. ૧૭મી જુલાઈથી ૮મી ઓગષ્ટ દરમ્યાન નોર્થ અમેરિકાના વેસ્ટ વર્જીનિયામાં રીઝર્વ ફોરેસ્ટમાં યોજાનાર આ ૨૪મી જામ્બોરીમાં વિશ્વભરમાંથી સ્કાઉટ્સ જોડાય છે. ભારતભરમાંથી આ જામ્બોરી માટે કુલ ૧૬૯ સ્કાઉટ્સ પસંદગી પામ્યાં હતા તેમાંથી ફાઈનલ પ્રક્રિયામાં ૨૯ સ્કાઉટ્સને પરવાનગી પ્રાપ્ત થઈ છે. આ પૈકી ગુજરાતના માત્ર ૨ સ્કાઉટ્સ છે જેમાં યુવરાજસિંહનો સમાવેશ થાય છે.

વિશ્વભરમાં ''ફ્રેન્ડશીપ, લીડરશીપ, એડવેન્ચર અને ફેલોશીપ'' આ ચાર આયામો આધારિત સ્કાઉટ પ્રવૃતિ ચલાવાયા છે. જે અંતર્ગત આપણા દેશમાં ભારત સ્કાઉટ ગાઈડ સંઘ સ્કાઉટ પ્રવૃતિ ચલાવે છે. જામ્બોરી એ દર વર્ષે વિશ્વભરના સ્કાઉટ્સનું યોજાતુ એક વૈશ્વિક સંમેલન છે અને આ વર્ષે ૨૪મી જામ્બોરી યોજાઈ રહી છે. જેના યજમાન ત્રણ દેશો છે એક યુએસએ, બીજુ કેનેડા અને ત્રીજુ મેક્સિકો. નોર્થ અમેરિકાના વેસ્ટ વર્જીનિયા ખાતે રીઝર્વ ફોરેસ્ટમાં યોજાનાર ૨૪મી જામ્બોરીની થીમ ''અનલોક અ ન્યુ વર્લ્ડ'' રાખવામાં આવી છે જેના બ્રાન્ડ એમ્બેસેડર ડિસ્કવરીના મશહૂર રીયાલીટી શો ''મેન વર્સીસ વાઈલ્ડ'' ફેઈમ ''બીઅર ગ્રાઈલ્સ'' છે. આ જામ્બોરીમાં એડવેન્ચર સ્પોર્ટ્સ જેવા કે



ટ્રેકિંગ, પેરા ગ્લાઈડીંગ, રીવર ક્રાફટીંગ, રીવર ક્રોસીંગ વગેરે સાથે લર્નિંગને મહત્વ અપાયું છે. ભારત સ્કાઉટ ગાઈડના ભારતભરમાંથી પસંદગી પામેલા ૨૯ સ્કાઉટ્સ પૈકી ગુજરાતના જે બે સ્કાઉટ્સ પસંદગી પામ્યાં છે તેમાં એક રાજકોટનો મનિષ જોષી છે જેઓ ભારત સ્કાઉટ ગાઈડના ગુજરાતના સેક્રેટરી છે જયારે બીજા ગાંધીનગરના યુવરાજસિંહ વાઘેલા છે જેઓ ભારત સ્કાઉટ ગાઈડમાં ગાંધીનગર જિલ્લાના ડિસ્ટ્રિક્ટ કમિશ્નરનો હોદ્દો ધરાવે છે. યુવરાજસિંહને ભારત સ્કાઉટ ગાઈડના ચીફ કમિશ્નર રતિભાઈ જોષી, કમિશ્નર ગાઈડ દેવેન્દ્ર કુમારી, મહામંત્રી અંજનાબેન ચૌધરી સહિત હોદ્દેદારો તથા સ્કાઉટ્સે અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી છે.

## આજે સેકટર-૨૨ ખાતે ગણેશોત્સવ સંદર્ભે સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા.૫

સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ સે-૨૨ દ્વારા 'ગાંધીનગર ચા રાજા'ની તા. ૨ સપ્ટેમ્બર થી ૮ સપ્ટેમ્બર દરમિયાન ઉજવણી કરવામાં આવનાર છે. આ નિમિત્તો આજે સાંજના ૭ કલાકે સર્કીટ હાઉસ ગાંધીનગર ખાતે સભાનું આયોજન કરવામાં આવ્યું છે તથા સભામાં વર્ષ ૨૦૧૮-૧૯ના આવક જાવકના હિસાબોની બહાલી આપવા તેમજ વર્ષ ૨૦૧૯-૨૦ માટે હોદ્દેદારો અને કાર્યકર્તાઓની વરણી કરવા માટે વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના અધ્યક્ષ નિશિત વ્યાસ દ્વારા નગરજનો, હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## આજે વિના મૂલ્યે જયોતિષીય માર્ગદર્શન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૫

વાઘેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આજે વિના મૂલ્યે જયોતિષીય માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૦ થી ૧૨.૩૦ તથા સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન હરીગોલ્ડ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૧૨૧, કુડાસણ ખાતે યોજાનાર કેમ્પમાં હસ્તરેખા, કુંડળી, અંકશાસ્ત્ર, ટેરોટ કાર્ડ, પ્રશ્નકુંડળી, પેન્ડુલમ, રમણશાસ્ત્ર દ્વારા સચોટ માર્ગદર્શન આપવામાં આવશે. સંસ્થા દ્વારા વિના મૂલ્યે યોજાનાર આ કેમ્પનો લાભ લેવા નાગરિકોને જણાવાયું છે.

## શહેરની બે મહિલા દ્વારા સ્વખર્ચે સેનિટરી નેપકીન્સનું વિતરણ

**એક વર્ષથી સરકારી શાળાની બાળાઓને દર મહિને બે પેકેટ સેનિટરી નેપકીન્સનું વિતરણ**




ગાંધીનગર, તા.૫

જેવું બાળકોને બાળપણમાં શીખવાડીએ તેવું તે શીખે અને આગળ વધે તેમ પહેલાના સમયમાં મોટાઓ કહેતા હતા. બાળક ૧૨ કે ૧૫ વર્ષનું થાય ત્યાં સુધી માતા-પિતા તેને જે તરફ વાળે તે ટેવો-કુટેવો તરફ તે વળે છે. આમ જ બાળકીઓને અમુક ઉંમર પછી આવતું ઋતુચક્ર જે અંગે માતા તેને સજાગ કરતી જ રહે છે પરંતુ ગામડાની મહિલાઓ જુનવાણી વિચાર સાથે ઋતુચક્ર દરમિયાન પહેલાની પધ્ધતિ મુજબ ચાલે છે જેના લીધે કિશોરીઓને રોગ થવાની સંભાવના રહે છે. આ અંગે સજાગતા લાવવા શહેરની બે બહેનો દ્વારા સ્વખર્ચે અમુક શાળાઓમાં કિશોરીઓને સેનિટરી નેપકીન આપવામાં આવી રહ્યા છે

છેલ્લા એક વર્ષથી શહેરની બે સમાજસેવી મહિલાઓ વૈશાલી જોષી અને વજયંતી ગુપ્તા દ્વારા સે-૭/૮ સરકારી પ્રાથમિક શાળા, પોરગામની પ્રાથમિક અને માધ્યમિક શાળા અને ધણપ ગામની પ્રાથમિક શાળાની ધો-૬ થી ૮ની દરેક વિદ્યાર્થીનીઓને સ્વખર્ચે દર મહિને બે પેકેટ સેનિટરી નેપકીન વહેંચવામાં આવી રહ્યા છે. દર મહિને કુલ ૧૦૦ જેટલી બાળાઓને તેઓ ઋતુચક્ર અંગે જાગૃત કરે છે. નિયમિત સેનેટરી નેપકીન્સના ઉપયોગના ફાયદા, તેનો નિકાલ, આ સમય દરમિયાન લેવામાં આવતી કાળજી અંગે તેઓ સમજાવે છે. આ કાર્યમાં શહેરીજનો પણ સ્વેચ્છાએ જોડાવવા ઈચ્છતા હોય તો ૯૯૨૫૨ ૩૪૯૮૫ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## ગાંધીનગર જિલ્લામાં દિવ્યાંગોને સાધન સહાય માટે સર્વે કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૫

જિલ્લા કલેકટર એસ.કે. લાંગાની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર જિલ્લાના દિવ્યાંગોને સાધન સહાય માટે લાભાર્થીના સર્વે માટે વિવિધ સ્થળોએ કેમ્પ યોજવા બેઠક મળી હતી. આ બેઠકમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ભારત સરકાર તથા ગુજરાત સરકાર તેમજ ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ, કાનપુર ( અલિમકો) અને જિલ્લા વહીવટી તંત્ર ગાંધીનગરના સંયુકત ઉપક્રમે દિવ્યાંગજનો તથા વયોશ્રી લાભાર્થીઓને સાધન સહાય આપવા એસેસમેન્ટ કેમ્પ યોજવાનું ઠરાવ્યું હતું. જે આગામી તા. ૧૮ જુલાઈથી ૩ ઓગષ્ટ દરમ્યાન યોજાનાર છે. કેમ્પના સ્થળ અને સમયની વિગતવાર જાહેરાત હવે પછી કરવામાં આવશે.

આ કેમ્પમાં સાધન સહાય મેળવવા દિવ્યાંગજનો માટેની પાત્રતા અને જરૂરી પુરાવામાં (૧) ૪૦ % કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતું પ્રમાણપત્ર (૨) આવકનું પ્રમાણપત્ર (માસિક ૧૫,૦૦૦/-થી ઓછી આવકનું ) (૩) આધારકાર્ડ (૪) રહેઠાણનો પુરાવો જેમ કે રેશન કાર્ડ / મતદાન કાર્ડ (૫) પાસપોર્ટ સાઈઝનો ફોટો તેમજ વયોશ્રી માટેની પાત્રતાનાં જરૂરી પુરાવામાં (૧) પાસપોર્ટ સાઈઝનો ફોટો (૨) આધારકાર્ડ (૩) બી.પી.એલ યાદીના ક્રમાંક (૪) રેશન કાર્ડ / ઓળખપત્ર ( રહેઠાણનો કોઈ એક પુરાવો) (૫) ઉંમરનો પુરાવો ( ૬૦ વર્ષથી વધુ ) રજૂ કરવાના રહેશે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર જીબાબેન બેચરજી, ઉ.વ. ૭૭
- સ્વ. મહેરીયા મોઘાભાઈ જીવાભાઈ, ઉ.વ. ૭૬